**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૧/૦૨/૨૦૧૬ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી ૧૦૮ લીટર દેશી દારૂ, ૨૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૬૧/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૭ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૪૬/૧૬**

**વટવા :** ધર્મિષ્ઠાબહેન મુકેશભાઇ ગજ્જર (રહે,અભીષેક એપાર્ટમેન્ટ, સમર્પણ ફ્લેટનાં ખાંચામાં, ઘોડાસર, વટવા) એ તા.૨૦/૨/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૨/૧૬ સવારના ૧૧/૩૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શંકરદાસ ભાનુદાસ ચલાવે છે.

**નરોડા :** નિલેશભાઇ ગિરીશભાઇ શાહ (રહે,શ્રીનાથ સોસાયટી, જી.ડી.રોડ, કૃષ્ણનગર, નરોડા) એ તા.૨૦/૨/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૨/૧૬ રાતના ૮/૩૦ થી તા.૯/૨/૧૬ સવારનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા સ્વામીનારાયણ મંદિર પાસે, સુરમીયા કોમ્પલેક્ષમાં આવેલ પોતાની નવરત્ન જ્વેલર્સ નામની દુકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** બળદેવભાઇ ભગવાનભાઇ પરમાર (રહે,રામબાગ ઔડા આવાસનાં મકાનમાં, ચાંદલોડીયા) એ તા.૨૦/૨/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૨/૧૬ સાંજના ૫/૩૦ થી તા.૧૬/૨/૧૬ બપોરનાં ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના તેમજ પડોશીનાં મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, પોતાના મકાનમાંથી એલ.સી.ડી.ટી.વી., ત્રણ ઇંડીયન કંપનીનાં ગેસ સીલીન્ડર તથા પડોશીનાં મકાનમાંથી બે ગેસ સીલીન્ડર અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૧,૩૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પટણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૭/૧૬</u>**

**નારણપુરા :** મનીષભાઇ બ્રીજલાલ અગ્રવાલ (રહે,આનંદવિહાર ફ્લેટ આઇ.ઓ.સી.રોડ, ચાંદખેડા) એ તા.૧૯/૨/૧૬ રાતનાં ૯/૩૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની કાર નારણપુરા શાસ્ત્રીનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, મહેમાન હોટલ નજીક પાર્ક કરેલ હતી. જે ગાડીનો ડ્રાઇવર સાઇડનો પાછળનો કાચ તોડી, કોઇ અજાણી વ્યક્તિ કારમાંથી એચ.પી.કંપનીનું લેપટોપ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/-, હાર્ડ ડીસ્ક કિંમત રૂપિયા ૩,૦૦૦/- અને મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૩,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મુકેલ બેગની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૮/૧૬</u>**

**રીવરફ્રંટ વેસ્ટઃ (૧)** જીગ્નેશભાઇ વલ્લભભાઇ ચૌહાણ (ઉ.વ.૨૯)(રહે.વિધાતા એપાર્ટમેન્ટ, માધવદિપ સોસાયટી સામે, રેડીયો મીર્ચી રોડ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૦/૨/૧૬ સવારનાં ૧૧/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ તરફના છેડે, એલીસબ્રીજ નીચે સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી ખોડાભાઈ અરજણભાઈ ચલાવે છે.

**(૨)** કરણ નરેશભાઇ મહેતા (ઉ.વ.૧૮)(રહે.બાપુનગર ગુ.હા.બોર્ડ, વિમા યોજના દવાખાનાની સામે, બાપુનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૦/૨/૧૬ બપોરનાં ૩/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ તરફના છેડે, નેહરૂબ્રીજ નીચે, વલ્લભ સદન સામે, સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે.

**(૩)** તા.૨૦/૨/૧૬ બપોરનાં ૩/૨૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ તરફના છેડે, નેહરૂબ્રીજનાં છેડે કોઇ અજાણ્યો પુરૂષ (૬૦ થી ૬૫ વર્ષના આશરાનો) કોઇ અગમ્ય કારણસર સાબરમતી નદીમાં પડતુ મુકી, ડુબી જઇ મરણ ગયેલ છે. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)